રોબર્ટ
લાલ ઘોડો

જોઆન હેઈલબ્રોનર

ચિત્ર: પી. ડી. ઈસ્ટમેન

ગુજરાતી: સુધીર જે.



રોબર્ટ એક આનંદી નાનો ઘોડો હતો.

એ એક ફાર્મ પર રહેતો હતો.

ત્યાં એ એના માતા-પિતા સાથે રહેતો હતો.

એક દિવસ રોબર્ટે એક પાર્ટી રાખી.

એ એનો જન્મદિવસ હતો.

ફાર્મના બધા મિત્રો એ પાર્ટીમાં આવ્યા હતા.

એ એની સાથે એક મોટી કેક લાવ્યા.

"જન્મદિવસની શુભેચ્છા, રોબર્ટ,"

એના બધા મિત્રોએ કહ્યું.

"તને જન્મદિવસની ઘણી બધી શુભેચ્છા."

કેક બહુ સરસ હતી.

એની ચારે બાજુ મોટા-મોટા લાલ ગુલાબ
સજાવેલા હતા.

રોબર્ટને એ લાલ ગુલાબ બહુ ગમ્યા.

એણે એનું નાક સીધું એક ગુલાબમાં નાખ્યું.

એણે એક ઊંડો શ્વાસ લીધો.

ત્યાં રોબર્ટને એક વિચિત્ર લાગણી થઈ.

એની આંખમાં ખંજવાળ આવવા લાગી.

એના નાકમાં પણ ખંજવાળ આવવા લાગી.

અને પછી...

"હાકછૂ!" રોબર્ટે છીંક ખાધી.

એણે બહુ જોરથી છીંક ખાધી. શું છીંક હતી!

એના ખેતરના બધા મિત્રો ઉપર ઉડયા.

કેક પણ ઉપર ઉડી.

ગુલાબ પણ ઉપર ઉડયા.

અને રોબર્ટ પોતે નીચે પડી ગયો.

એની માઁએ ડોક્ટરને બોલાવ્યો.

ડોકટોરે રોબર્ટને તપાસ્યો.

"મોઢું ખોલીને 'આહ' બોલ," ડોકટરે કહ્યું.

"આહ!" રોબર્ટે કહ્યું.

"આહ!" ડોકટરે કહ્યું.

"મને ખબર પડી ગઈ કે તને છીંક કેમ આવી."

"મને હવે સાચી ખબર પડી ગઈ.

તું અહીં આવ, રોબર્ટ.

અને આ ગુલાબને સૂંઘ."



રોબર્ટે એનું નાક એ ગુલાબમાં નાખ્યું.

એણે થોડું સૂંઘયું.

ફરી એનું નાક સળવળવા લાગ્યું.

ફરી એની આંખોમાં ખંજવાળ આવવા લાગી.

"આકછૂ!" રોબર્ટે છીંક ખાધી.

એ ધમાકાથી બારી હલી.

દરવાજો ધડામ કરીને ખુલ્યો.

ગુલાબ ઉપર ઉડયા.

અને ડોક્ટર નીચે પડી ગયો.

"હું સાચો હતો," ડોકટરે કહ્યું.

"ગુલાબ તારે માટે ખરાબ છે.

જો, આ ફાર્મ પર ઘણા ગુલાબ છે.

તારે એનાથી દૂર રહેવું જોઈએ.

હવે તારે શહેર ચાલ્યા જવું જોઈએ."

એટલે રોબર્ટને શહેર જવું પડયું.

"આવજો," એણે એના માતા-પિતાને કહ્યું.

"હું શહેરમાં સારી રીતે રહીશ.

હું કામ શોધી લઈશ. હું કોઈ નોકરી શોધી લઈશ."

રોબર્ટને શહેરમાં નોકરી મળી ગઈ.

એ એક દૂધવાળાને ત્યાં કામ કરવા
લાગ્યો.

એ દૂધવાળા અને એની ગાડીને લઈને
આખા શહેરમાં ફરતો હતો.





એ એક સારી નોકરી હતી.

અને રોબર્ટ એનાથી ખુશ હતો.

રોબર્ટને આવી નોકરી પસંદ હતી.

ત્યાં એક દિવસ એક માણસ રોબર્ટની બાજુમાં આવ્યો.

એ માણસના કોટમાં એક ફૂલ હતું.

એના કોટમાં જે ફૂલ લાગ્યું હતું એ એક ગુલાબ હતું.

એક ગુલાબ!

અને એ પણ બરાબર રોબર્ટના નાકની નીચે!

રોબર્ટને ફરી એ વિચિત્ર લાગણી થઈ.

એના નાકમાં ખંજવાળ આવવા લાગી.

અને એની આંખોમાં ખંજવાળ આવવા લાગી.

અને...

"હાકછૂ!" રોબર્ટે છીંક ખાધી.

વેગન તૂટી ગઈ.

બધું દૂધ છલકાઈ ગયું.

દૂધવાળો હવામાં ઉડયો.

અને ગુલાબવાળો માણસ જમીન પર પડી ગયો.

"ચાલ્યો જા!" દૂધવાલાએ રોબર્ટને કહ્યું.

"તું મારા કામને લાયક નથી."



એટલે રોબર્ટને ફરી કામ શોધવાનું શરુ કરવું પડયુ.

પણ એક ઘોડા માટે કામ મળવું મુશ્કેલ હતું.

એણે ઘણા દિવસો સુધી તપાસ કરી.



એક દિવસ એણે થોડા ઘોડા જોયા.

એના પર લોકો સવારી કરી રહ્યા હતા.

"અરે! હું પણ આ કામ કરી શકું છું," રોબર્ટે કહ્યું.

"હું નોકરી માટે પૂછીશ."

રોબર્ટ દરવાજા પર ગયો.

એક માણસ બહાર આવ્યો.

"તું એક સારો ઘોડો લાગે છે,"

માણસે રોબર્ટને કહ્યું.

"તું મારે માટે કામ કરી શકે છે.

પણ જો, તારે ખૂબ મહેનત કરવી પડશે.

તારે એ બધું કરવું પડશે જે તને કહેવામાં આવશે."



રોબર્ટ કામ પર લાગી ગયો.

એ એવું જ કરતો જે એને કહેવામાં આવતું.

જ્યારે એને ધીરે ચાલવાનું કહેવામાં આવતું,

તો એ ધીરે ચાલતો.



જ્યારે એને ઝડપથી જવાનું કહેવામાં
આવતું, તો એ ઝડપથી ચાલતો.



રોબર્ટ એને કહેવામાં આવતું એ બધું કરતો.

"મને આ કામ પસંદ છે," રોબર્ટે કહ્યું.

"અને હું આ નોકરી કાયમ માટે રાખીશ."

એક દિવસ રોબર્ટ એક મહિલાને સવારી કરવા લઈ ગયો.

બધું બરાબર ચાલી રહ્યું હતું.

ત્યાં અચાનક...

"જો!" મહિલાએ કહ્યું.

"જરા પેલા સુંદર ગુલાબને જો.

મને એ ગુલાબ જોઈએ છે.

રોબર્ટ, મને તરત ત્યાં લઈ જ."

બિચારો રોબર્ટ શું કરી શકતો હતો?

એણે એ જ કર્યું જે એને કહેવામાં આવ્યું હતું.

એ મહિલાને ગુલાબ પાસે લઈ ગયો.

ફરી, એને એ વિચિત્ર લાગણી થઈ.

એના નાકમાં ખંજવાળ આવવા લાગી.

એની આંખમાં ખંજવાળ આવવા લાગી.

અને...

"હાકછૂ!" રોબર્ટે છીંક ખાધી.

એની છીંકથી વેગન ઉડી ગયું.

ફૂલ ઉડી ગયા.

મહિલા પણ ઉપર ઉડી.

અને ફૂલવાળો નીચે પડયો.



ફરી એકવાર રોબર્ટ બેરોજગાર થઈ ગયો.

રોબર્ટને ફરી નોકરીની શોધ કરવી પડી.

એણે ઘણી જગ્યાએ શોધ કરી.

બધે પુરુષો માટે કામ હતા.

બધે મહિલાઓ માટે કામ હતા.

બધા પાસે કોઈને કોઈ કામ હતા.

પણ ઘોડા માટે કોઈ કામ ન હતું.

રોબર્ટ ચાલતો અને ચાલતો રહ્યો.

એણે કામ માટે ઘણી તપાસ કરી.

ત્યાં આખરે રોબર્ટને કંઈ દેખાયું.

એને એક કામ દેખાયું

જે એ કરી શકતો હતો!

એ પોલીસનો ઘોડો બની શકતો હતો.

"હું અંદર જઈશ.

હું નોકરી માટે અરજી કરીશ," રોબર્ટે કહ્યું.

જયારે રોબર્ટ બહાર આવ્યો

ત્યારે એ પોલીસનો ઘોડો

હતો.

એ એક સારો પોલીસ ઘોડો હતો.

એ પોલીસના બધા કામ કરતો હતો.

એક દિવસ રોબર્ટ બેન્ક સ્ટ્રીટ પર કામ કરી રહ્યો હતો.

ત્યાં થોડા માણસો ગલીમાંથી આવ્યા.

ફૂલ ત્રણ માણસો!

એમાંથી એક પાસે એક કાળી બેગ હતી.

એ બેંકમાં ઘૂસ્યા.

રોબર્ટે એને જોયા નહીં.



ત્યાં અચાનક...

કોઈએ બૂમ પાડી:

"મદદ કરો!

પોલીસ! મદદ કરો!"

રોબર્ટે ચારે બાજુ જોયું.

ત્યાં એણે એ ત્રણ માણસોને જોયા.

એ ત્રણ લૂંટારા હતા!

બેન્ક લૂંટારાઓ!

લૂંટારા સીધા રોબર્ટ તરફ ભાગ્યા.

એ એની ઉપરથી ભાગ્યા.

એ ભાગી ગયા.

રોબર્ટ ઝડપથી ઉઠયો!

એ પેલા લૂટારાને રોકવા ચાહતો હતો!

પણ કેવી રીતે?

એ એવું કેવી રીતે કરી શકે?

અને ત્યાં...

રોબર્ટે એક ગુલાબ જોયું!

એ કોઈ મોટું ગુલાબ ન હતું.

તો પણ એ એક ગુલાબ તો હતું!

રોબર્ટ વિચારવા લાગ્યો.

એણે ઝડપથી વિચાર્યું.

રોબર્ટ એ ગુલાબ પાસે ગયો.

પછી એ એનું નાક સીધું

પેલા ગુલાબ પાસે લઈ ગયો!

એણે શ્વાસ લીધો.

એક લાંબો શ્વાસ!

અને એને ફરી એ જ

જૂની વિચિત્ર લાગણી થવા લાગી.

એની આંખોમાં ખંજવાળ આવવા લાગી.

એના નાકમાં ખંજવાળ આવવા લાગી.

પછી...

રોબર્ટે છીંક ખાધી.

આવી છીંક તો કોઈને ક્યારેય આવી ન હતી!

બિલાડીઓ દૂર ભાગી ગઈ.

ટોપીઓ હવામાં દૂર ઉડી ગઈ.

કૂતરા ઉપર ઉછળ્યા.

પક્ષીઓ નીચે પછડાયા.

બંદૂકના ધમાકા થયા.

કાળી બેગ ઉપર ઉડી.

અને લૂંટારા જમીન પર પડી ગયા.



"હુર્રે! રોબર્ટ માટે હુર્રે!"

બધાએ બૂમ પાડી.

બેન્કવાળા ખુશ હતા.

પોલીસકર્મી ખુશ હતા.

બધા ખુશ હતા.

રોબર્ટે લૂંટારાઓને ભાગતા રોક્યા હતા!

એણે લૂંટારાઓને જમીન પર પાડી દીધા હતા!

બીજે દિવસે એક પાર્ટીનું આયોજન
થયું.

એ પાર્ટી રોબર્ટ માટે હતી.

પાર્ટીમાં એના માતા-પિતા આવ્યા.

એના ફાર્મના બધા મિત્રો આવ્યા.

ડોક્ટર પણ આવ્યા.

બધા પોલીસકર્મી પણ આવ્યા.

એમાંથી એક ઉભો થયો.

"રોબર્ટ," એણે કહ્યું, "મારી પાસે
તારા માટે કંઈક છે."



"ગુલાબ!" ડોકટરે ચીસ પાડી.

"તમારી ટોપીઓ પકડી રાખો.

જુઓ, રોબર્ટને છીંક આવવાની છે!

રોબર્ટ છીંક ખાઈને આપણે બધાને શિકાગો મોકલી દેશે!"



થેન્ક યૂ રોબર્ટ

રોબર્ટે થોડું સૂંઘ્યું.

એના નાકમાં ખંજવાળ ન આવી.

એની આંખોમાં પણ ખંજવાળ ન આવી.

પછી રોબર્ટે જોરથી સૂંઘ્યું.

આ વખતે એને જૂની વિચિત્ર લાગણી ન થઈ.

એને કોઈ છીંક ન આવી.

એ પછી ગુલાબને લીધે

રોબર્ટને ફરી ક્યારેય છીંક ન આવી.

સમાપ્ત